અધ્યાય - ૨

અભિનયની વિચારણા :ભરતમુનિ પૂર્વે તથા સમાન્તરે

પ્રકરણ (૧) વૈદિક સાહિત્યમાં અભિનયના તત્વો

(૨) બ્રાહ્મણગ્રંથો તેમજ ઉપનિષદોમાં કળાસંબંધી વિચારણા

(૩) પાણિનિએ ઉલ્લેખેલા નટસૂત્રો

(૪) રામાયણ મહાભારતમાં નૃત્યકળા/નાટ્યકળા

(૫) નાટ્યશાસ્ત્રના સમાન્તર ગ્રંથોમાં અભિનય વિચારણા

(૬) શિલાલેખો, કલામંડપો તથા નૃત્ત મૂર્તિઓમાં અભિનય

પ્રકરણ - (૧)

વૈદિક સાહિત્યમાં અભિનયનાં તત્વો :

નાટ્યશાસ્ત્રમાં નાટ્યની ઉત્પત્તિ સંબંધી પહેલાં અધ્યાયમાં નાટ્યવેદની રચના બ્રહ્માએ કેવી રીતે કરી તેના સંદર્ભમાં નીચેનો શ્લોક મળે છે.

> જગ્રાહ પાઠ્યમૃગ્વેદાત્ સામભ્યો ગીતમેવ ચ ।
> યજુર્વેદાદભિનયાન્ રસાનાથર્વણાદપિ ॥
> (અધ્યાય - ૧ શ્લોક ૧૭)

> પાઠ્ય ઋગ્વેદમાંથી, ગીત સામ(વેદ)માંથી, અભિનય
> યજુર્વેદમાંથી તથા રસ અથર્વવેદમાંથી લેવામાં આવ્યા.

ભરતમુનિ પાઠ્ય, ગીત, અભિનય તથા રસ એ ચાર નાટ્યના તત્વો હોવાનું અને તે વેદોમાંથી લેવામાં આવ્યા હોવાનું જણાવે છે. વેદોના રચના સમયની નીચલી સીમા વિદ્વાનોએ ઈ.સ. પૂર્વે ૧૦૦૦ નિર્ધારિત કરી છે.

ઋગ્વેદમાં અભિનયના તત્વો

(અ) ત્રૈસ્વરયુક્ત પાઠ્ય

ભરતમુનિ પાઠ્ય ઋગ્વેદમાંથી લેવામાં આવ્યું એવું વિધાન કરે છે. પાઠ્ય એટલે પઠન recitation . પાઠ્યનો વ્યુત્પત્તિમૂલક અર્થ સમજાવતા અભિનવગુપ્ત જણાવે છે કે પાઠ્ય શબ્દ એ પઠ્ ધાતુના' વ્યક્ત વાણીનું ઉચ્ચારણ કરવું' એ અર્થને ધ્યાનમાં રાખી ને નિષ્પન્ન કરવામાં આવ્યો છે. વાણી અર્થાત વાક્યોની સ્પષ્ટતાજ વ્યક્તત્વ છે જેને વિવક્ષાવિશિષ્ટ, અર્થબોધન ક્ષમતા એટલે કે વક્તાને જે અર્થ અભિપ્રેત હોય તે અર્થનો બોધ કરાવવાની ક્ષમતા કહે છે. આ ક્ષમતા 'કાકવધ્યાય'માં (૧૭ મો અધ્યાય) જણાવવામાં આવેલ સ્વર અલંકાર કાકુ ઇત્યાદિ સામગ્રીના

સમન્વયથી પ્રાપ્ત થાય છે. સ્વર અલંકાર કાકુ આદિ સામગ્રીથી યુક્ત સંવાદ એટલેજ પાઠ્ય નાટ્યમાં તેની પ્રધાનતા હોવાને કારણેજ તેને સૌથી પહેલાં ગ્રહણ કરવામાં આવ્યું. પાઠ્ય ભાગની પ્રધાનતા પ્રતિપાદિત કરવા માટેજ ભરતમુનિ ૧૪ માં અધ્યાયમાં બીજા શ્લોકમાં જણાવે છે કે નાટ્યના પ્રયોગ સમયે નટોએ વાણીના શુધ્ધ તથા સ્પષ્ટ પ્રયોગ કરવા ખાસ પ્રયત્ન કરવો જોઇએ કારણ કે વાણીજ નાટ્યનું શરીર છે. (વાચિ યત્નસ્તુ કર્તવ્યા નાટ્યસ્યૈષા તનુઃસ્મૃતા ।) નાટ્યના અન્ય અંગ જેવાં કે આંગિક અભિનય, નેપથ્ય અર્થાત્ વેશભૂષા ધ્વારા પ્રકાશિત આહાર્ય અભિનય તથા સાત્વિક અર્થાત્ માનસિક અભિનય વાણીના અર્થને જ વ્યક્ત કરે છે. (અંગ -નેપથ્ય-સત્વાનિ વાક્યાર્થં વ્યઞ્જયન્તિ હિ ॥) એટલા માટેજ વાચિક અભિનયનો સમાવેશ ચાર પ્રકારના અભિનયોની અંતર્ગત હોવા છતાં વાચિક અભિનયની પ્રધાનતાને કારણે તેને યજુર્વેદથી લેવામાં આવેલ અભિનયથી અલગ તારવી બનાવવામાં આવ્યો છે, અને ઋગ્વેદમાંથી લેવામાં આવ્યો છે. ઉદાત્ત, અનુદાત અને સ્વરિત રુપ ત્રણ સ્વરોથી યુક્ત (ત્રૈસ્વર્યપ્રધાનસ્ય) ઋગ્વેદના સ્તોત્ર-શસ્ત્ર ધ્વારા યાગમાં ઉપરકારક હોવાથી-યજ્ઞમાં ઉપકારક હોવાથી તેમાથી તેસ્વરયુક્ત પાઠ્ય લેવામાં આવ્યું. પાઠ્ય પણ ત્રણ સ્વરોથી યુક્ત હોય છે. પાઠ્ય ભાગમાં જો ત્રણ સ્વર ન હોતાં કેવળ એકજ સ્વર હોવાથી-કણ્ઠધ્વનિનો ભેદ ન હોવાથી - કાકુ ન હોવાથી - ગદ્યરુપ પાઠ્ય ભાગ પણ ગીતના જેવો બની જાય છે. અભિનવગુપ્તના આ વિવરણ પરથી નીચેના મુદ્દા સ્પષ્ટ થાય છે.

(૧) નાટ્યના શરીર રુપ સંવાદને અને તેના પઠનને ઋગ્વેદમાંથી ગ્રહણ કરવામાં આવ્યું.

(૨) પઠન અર્થાત નટ ધ્વારા બોલાતો સંવાદ એટલે કે વાચિક અભિનયના મૂળ ત્રૈસ્વરયુક્ત પાઠ્ય ધરાવતા ઋગ્વેદમાં રહેલા છે. ઋગ્વેદની ઋચાઓનું યજ્ઞ સમયે ઉદાત્ત, અનુદાત અને સ્વરીત રુપ ત્રણ સ્વરોમાં જે પઠન થાય છે તેમાં વાચિક અભિનયના તત્વો છે.

(૩) સંવાદના 'પઠન' સમયે નટે ત્રણે પ્રકારના સ્વરોનો જરુરી હોય ત્યાં અવશ્ય પ્રયોગ કરવો જોઇએ નહિ તો તેમાં એકસુરીલાપણું આવી જાય.

(બ) વાક્

ઋગ્વેદના પહેલા મંડળનાં ૧૬૪ માં સૂકતના ૪૫ માં મંત્રમાં વાક્નું સ્વરુપ જાણવા મળે છે.

ચત્વારિ વાક્ પરિમિતા પદાનિ તાનિ, વિદુર્બ્રાહ્મણા યે મનીષિણ : ।
ગુહા ત્રીણિ નિહિતા નેઙ્ગયન્તિ તુરીયું વાચો મનુષ્યા વદન્તિ ॥

જે મનીષી બ્રાહ્મણો છે તેજ એના ચારે વિભાગને બ્રહ્મની ઉપાસના કરતાં જાણે છે. ગુહામાં ગુપ્ત તે ત્રણ ભાગ, એ સિવાયનો ચોથો તેજ મનુષ્યો જાણે છે, બોલે છે.

સ્ફોટવાદમાં આ ચાર વિભાગને પરા, પશ્યંતી, મધ્યમાં અને વૈખરી કહી વર્ણવી છે. માનવબાળના ઉપયોગમાં કેવળ વૈખરી વાણીજ આવે છે. અન્ય ત્રણ પ્રકારની વાણી સામાન્ય માનવીની પહોંચથી પર છે.

અલંકાર કૌસ્તુભ'માં પરાને સ્વયંભૂ-મૂલાધાર કહી છે, પશ્યંતીને નાભિસ્થિતા કહી છે, મધ્યમાને હૃદયસ્થિતા વર્ણાવી, વૈખરી ને માનવીના ગળામાં સ્થિત કહી છે. પછીના સમયમાં રસના આલંકારિકોએ પરાને રસ, પશ્યંતીને અર્થ, મધ્યમાંને છંદ-સંગીત અને વૈખરીને શબ્દ સ્વરુપમાં વિભાજી છે.

આ વાક્ તે વાચા, વૈખરી. ભરતમુનિના મતે નાટકની કળાનો મૂળ આધાર વાચા છે, શબ્દ એનો પાયો છે, અભિનય એનો વિસ્તાર છે.

(ક) સંવાદ સૂકતો :

ઋગ્વેદમાં આવતા વિવિધ પ્રકારના સૂકતોમાં સંવાદ સૂકતો મહત્વનું સ્થાન ધરાવે છે. આ સંવાદ સૂકતોમાં અગત્યના સૂકતો નીચે પ્રમાણે દર્શાવી શકાય.

બે વ્યક્તિઓનો સંવાદ	મંડલ	સૂક્ત
૧) ઇન્દ્ર અને વરુણ	૪	૪૨
૨) નેમા ભાર્ગવ અને ઇન્દ્ર	૮	૧૦૦
૩) યમ અને યમી	૧૦	૧૦
૪) પુરુરવા અને ઉર્વશી	૧૦	૯૫

ત્રણ વ્યક્તિઓનો સંવાદ		
૧) અગત્સ્ય, લોપામુદ્રા અને તેમનો પુત્ર	૧	૧૭૯
૨) ઇન્દ્ર, આદિતિ અને વામદેવ	૪	૧૮
૩) ઇન્દ્ર, વસુક અને તેની પત્ની	૧૦	૨૮
૪) ઇન્દ્ર, ઇન્દ્રાણી અને વૃષાકપિ	૧૦	૮૬
૫) વિશ્વામિત્ર અને નદીઓ	૩	૩૩

વ્યક્તિ અને સમૂહનો સંવાદ		
૧) ઇન્દ્ર અને મરુતો	૧	૧૬૫
૨) ઇન્દ્ર અને મરુતો	૧	૧૭૦
૩) વસિષ્ઠ અને તેના પુત્રો	૭	૩૩
૪) સરમા અને પણિઓ	૧૦	૧૦૮

અનેક વ્યક્તિઓનો એક વ્યક્તિ સાથે સંવાદ		
૧) દેવતાઓ અને અગ્નિ	૧૦	૫૧

એકોક્તિ (monologue)

૧) ઇન્દ્ર ૧૦-૧૧૯ માં સોમરસની અસર નીચે આવી આત્મપ્રશંસા કરે છે.

૨) અક્ષસૂક્ત ૧૦-૩૪ માં જુગારી હારી ને પસ્તાવો કરે છે.

યજ્ઞ સમયે ઋત્વિજો આ સંવાદ સૂક્તોનું શંસન-પઠન recitation કરતાં. કેટલાક વિધ્વાનોના મતે ઋત્વિજો, પાત્ર અનુરુપ વેષ ધારણ કરી આ સંવાદ સૂક્તોનો અભિનય પાઠ કરતાં.

જાણીતા જર્મન વિધ્વાન મેક્સમૂલર ઋગ્વેદના પ્રથમ મંડળના ૧૬૫ માં સૂક્ત કે જેમાં ઇન્દ્ર અને મરુતો વચ્ચેની વાતચીત છે તેના અનુસંધાનમાં એવું અનુમાન કરે છે કે આ સંવાદનો યજ્ઞ દરમ્યાન મરુતોના માનમાં પાઠ થતો અથવા ઇન્દ્ર અને મરુતોનો વેષ લઇ બે પક્ષો એનો પ્રયોગ કરતાં. શ્રી હર્ટલ આ સંવાદ સૂક્તોને સંવાદમાં ભજવાયેલી દેવલીલાઓ હોવાનું જણાવી તેને mystery plays સાથે સરખાવે છે. તેઓ એવી દલીલ કરે છે કે જો આમાં ગીતનું તત્વ અપેક્ષિત ન હોય તો સંવાદ જેમના મુખમાં મુકાયો છે તેવા જુદા જુદા પાત્રો વચ્ચેનો ભેદ એકજ પ્રવકતા તારવી ન શકે. આવા સંજોગોમાં વિભિન્ન પાત્રોનું કથન વિવિધ ઋત્વિજો તે તે પાત્ર ધારણ કરી કરતા હશે. શ્રી કે.કા.શાસ્ત્રી (ના.શા. અને આચાર્ય અભિ.પૃ.૬) વૃષાકપિ સૂક્ત (૧૦-૮૬) મુદ્ગલ સૂક્ત (૧૦-૧૦૨) ઇન્દ્ર સૂક્ત (૧૦-૧૧૯) મંડૂક સૂક્ત (૭-૧૦૩) ધૂતકાર સૂક્ત (૧૦-૩૪) વગેરે સૂક્તોમાં જાણે કે વેશ ધારણ કરેલો વક્તા સાભિનય રજૂઆત કરતો હોય એવી સંભાવના વ્યક્ત કરે છે. શ્રી જી.એચ.તાર્લેકર (Studies in N.S.with Sp.ref.to Sanskrit Drama in performance પૃ.૪-૫)

ઇન્દ્રસૂક્ત (૧૦-૧૧૯) માં મધપાન કરીને આવેલા ઇન્દ્રની એકોક્તિમાં અર્થની સ્પષ્ટતા માટે આંગિક ચેષ્ટા અનિવાર્ય ગણે છે. ઇન્દ્ર કહે છે 'અરે ! આ પૃથ્વીને અહીં મૂકું કે ત્યાં ? (ઇહ વા,ઇહ વા) આ શબ્દો જ્યાં સુધી આંગિક ચેષ્ટા વડે - ટીકાકાર સ્યાન કહે છે તેમ હાથના ઇશારા વડે-બોલવામાં ન આવે ત્યાં સુધી અર્થ સ્પષ્ટ થતો નથી. આ પરથી અનુમાન કરી શકાય કે પઠન સમયે હાથની ચેષ્ટાઓ અને તેના જેવી અન્ય આંગિક ચેષ્ટાઓ કરવામાં આવતી.

ઋગ્વેદના કાળમાં નૃત્યનો પણ પ્રચાર હતો. ઋગ્વેદમાં ઉષાને નર્તકી ની ઉપમા આપવામાં આવી છે. વળી ઋગ્વેદનાજ વિવાહ સૂક્તોમાં નવદંપતી આગળ પુરંધ્રીઓ નૃત્ય કરતી એવો ઉલ્લેખ છે. વળી ઋગ્વેદના પહેલા મંડળના ૯૨-૯૪ સૂક્તમાં નખરાળી નારીનો ઉલ્લેખ પણ છે અને અર્થર્વવેદ (૧૨-૧-૪૧) વેદના સમયમાં મનુષ્યો ગાયન અને નર્તન

જાણતા એનો ઉલ્લેખ આપે છે. સામવેદનાં સૂકતો ગવાતાં હોવાથી વેદના સમયમાં સંગીતકળા વિકસિત થઇ હશે. આ વેદના યુગમાં નાટ્યાત્મક દૃશ્યોનો સાભિનય પ્રયોગ થતો હોવો જોઇએ. એવી ભૂમિકા અહીં બંધાતી જોવામા આવે છે. નાટકનાં ચિહ્નો સૌ પ્રથમ અહીં જોવામાં આવે છે. એવું સૂચન કરવામાં આવે છે કે આ સંવાદોની સાથે અમુક પ્રકારના હાવભાવના તત્વની પણ અપેક્ષા રહે છે. આનો સંબંધ કર્મકાંડ વિષયક નૃત્ય અને સંગીત સાથે જોડવાથી એક પ્રકારનો યજ્ઞવાદ જોડે સંકળાયેલો નાટ્યપ્રયોગ અથવા કર્મકાંડ વિષયક નાટક પ્રાપ્ત થાય છે. આમાં ઋત્વિજો દિવ્ય પૌરાણિક કે માનુષી પાત્રો જે સંવાદમાં ભાગ લે છે તેનો પાઠ ભજવતા અને પ્રો.શ્રોઇડર જણાવે છે તેમ આ સૂકતોનો સંગીત અને નૃત્યથી યુકત સાભિનય પ્રયોગ થતો.

શ્રી મૈકડાનલ અને શ્રી કીથ જેવા વિધ્વાનો આ સંવાદસૂકતો કેવળ વાતચીત હોવાનું જણાવી તેમાં અભિનયના તત્વો જોતા નથી. તેમના મતે તેમાં આંગિક અભિનયના તત્વો હોવાનો સંકેત મળતો નથી. વળી આ સંવાદો માત્ર તર્ક અથવા પશ્નોત્તરી અથવા શંકા સમાધાન સ્વરુપના અને સીધા સાદા કથન માત્ર છે. તેની સાભિનય રજૂઆત સંભવિત નથી. શ્રી કીથ, શ્રી શ્રોઇડરના એ કથનનો પણ સ્વીકાર નથી કરતા કે સંવાદ સુકતોનો ગાન સહિત સાભિનય પ્રયોગ થતો. તેમના મતે ગાન માટે અલગ સામવેદ હતો અને અભિનય માટે યજુર્વેદ એટલે ઋગ્વેદના સંવાદ સૂકતોની સાભિનય રજૂઆત માની ન શકાય. યજુર્વેદ તેમજ સામવેદમાં સંવાદો નથી તેને શ્રી કીથ સૂચક ગણે છે.

ડો.તપસ્વી નાન્દીના મત પ્રમાણે (સંસ્કૃત નાટકોનો પરિચય પૃ.૧૯) આવા સૂકતોનો ધાર્મિક ક્રિયાકાંડ સાથેનો સંબંધ સ્પષ્ટ નથી. આથી સામાન્ય સૂકતોની માફક તેમનામાં ઇષ્ટ વસ્તુની પ્રાર્થના અને ઇષ્ટપ્રાપ્તિના અનુસંધાનમાં ધન્યવાદના લક્ષણો પણ જોવા મળતાં નથી. આ સૂકતોને સમજાવવા તથા તેનો સંદર્ભ સમજાવવા કોઇ નાટ્યાત્મક સ્વરુપની અપેક્ષા રહેતી નથી. આ સૂકતોમાં નાટ્યતત્વ છે એ વાત સાચી પણ ઋગ્વેદમાં જે કંઇ જણાય છે એ સઘળું ક્રિયાકાંડ સાથે સંબંધ ધરાવે છે એવો આગ્રહ સયુકિતક નથી, વાસ્તવમાં આ

આ સૂક્તોનો આવો કોઇ સંદર્ભ સૂચવાયો નથી એમ જણાવી શ્રી નાન્દી ઋગ્વેદના સંવાદ સૂક્તો એ ક્રિયાકાંડમૂલક નાટક હોવાનું અને તેની સાભિનય રજૂઆત થતી હોવાનું સ્વીકારતા નથી.

યજુર્વેદમાં અભિનયના તત્ત્વો

ભરતમુનિ અભિનય યજુર્વેદમાંથી લેવામાં આવ્યો એવું વિધાન કરે છે. અભિનવગુપ્તે યજુર્વેદમાં આંગિક, આહાર્ય તેમજ સાત્વિક અભિનય કયા સ્વરૂપે મળે છે તેની વિગતવાર છણાવટ અભિનવભારતીમાં કરી છે.

યજુર્વેદમાં મુખ્યત્વે અધ્વર્યુ - યજ્ઞમાં કાર્ય કરનાર યજુર્વેદના જ્ઞાતા ઋત્વિગ વિશેષનાં કર્મોનું વિવરણ મળે છે. યજુર્વેદમાં પ્રયાજ, અનુયાજ વગેરેમાં થતી પ્રદક્ષિણા-ગમન વિગેરે આંગિક ક્રિયાઓમાં અભિનવગુપ્ત આંગિક અભિનયના તત્ત્વો જુએ છે. તેજ પ્રમાણે લોહિતોષ્ણીષા ઋત્વિજ: પ્રચરન્તિ આ વાક્ય અનુસાર લાલ પાઘડી પહેરી ઋત્વિજો યજ્ઞમાં પ્રદક્ષિણા કરતાં - અહીં લાલ પાઘડીનું પરિધાન - આહાર્ય અભિનયનું સૂચન કરે છે. આ તમામ વિશેષ કર્મોમાં વિશેષ પ્રયત્ન કરનાર પુરુષો દ્વારા પ્રદર્શિત થતા ધૈર્ય વિગેરે સત્વ અર્થાત્ માનસિક વ્યાપારમાંથી સાત્વિક અભિનય ગ્રહણ કરવામાં આવ્યો એવું અભિનવગુપ્ત જણાવે છે. આમ પ્રદક્ષિણાદિ દ્વારા આંગિક, લોહિતોષ્ણીષાદિ દ્વારા આહાર્ય અને ઉપષ્ટમ્ભાદિ દ્વારા સાત્વિક અભિનય સૂચવાતો હોવાનું અભિનવગુપ્તનો અભિપ્રાય છે.

યજુર્વેદમાં યજ્ઞો અંગેનું વિધાન છે. 'યજુષ' શબ્દનો અર્થ પૂજા તેમજ યજ્ઞ થાય છે. યજુર્વેદની ઋચાઓમાં યજ્ઞાનુષ્ઠાન તથા આ પ્રકારની ધાર્મિક ક્રિયાઓની વિધિઓનું વર્ણન છે. યજ્ઞો તેમજ ધાર્મિક અનુષ્ઠાનની ક્રિયાઓ હાથ તેમજ અન્ય આંગિક સંકેતો દ્વારા પાર પાડવામાં આવે એવું યજુર્વેદમાં વિધાન છે. આ ક્રિયાઓમાં મૂક ભાવો તેમજ સંકેતોનો પ્રયોગ કરવામાં આવે છે. યજુર્વેદની ઋચાઓના આ ભાવનાત્મક તેમજ આંગિક સંકેતો તથા હાવભાવના આધારે અભિનયના વિભિન્ન રૂપોનો વિકાસ થયો. યજુર્વેદની આ અનુષ્ઠાન વિધિઓનો વિકાસ સૂત્ર ગ્રંથોમાં જોવા મળે છે. ગૃહ્યસૂત્ર તેમાં મુખ્ય છે. આ ગૃહ્યસૂત્રોમાં મૂક ભાવ તેમજ હસ્તક્રિયાઓનો સંકેત ખાસ ઉલ્લેખનીય છે. ધાર્મિક અનુષ્ઠાનો સમયે મૌન મંત્રોચ્ચારણની સાથે આ ક્રિયાઓ

કરવાનો નિયમ છે. નાટ્યવેદ માટે યજુર્વેદમાંથી અભિનય સામગ્રીના સંગ્રહનો આધાર યજ્ઞવિધિઓ કરતી વેળા થતી આ મૂક ભાવાત્મક પ્રક્રિયાઓ તેમજ આંગિક સંકેતો છે.

સોમયાગ યજ્ઞની ક્રિયામાં ચામડાના ટુકડા માટે વૈશ્યો અને શુદ્રોનો સંઘર્ષ બતાવતો. યજ્ઞને અંતે એક શુદ્રને મુર્ખ બનાવવામાં આવતો. આ વિધિમાં અભિનયના તત્વો રહેલાં છે. આ ક્રિયાના તત્વને યજુર્વેદ સાથે સાંકળવામાં આવે છે.

ડૉ.કપિલા વાત્સ્યાયન તેમના પુસ્તક Classical Indian Dance in Literature and the arts પૃ.૧૫૩, ૧૫૫ માં નોંધે છે તેમ યજુર્વેદના કર્મકાંડો એ દૈવી શક્તિને પોતાના દેહનો અર્ઘ ધરી સ્વનું ઉન્મૂલન સાધવાની મનુષ્યની અભીપ્સાનું જીવંત પ્રમાણ છે. માનવ પોતાનો દેહ અને આત્મા દેવને ચરણે ધરે છે. પોતાના દેહ દ્વારા તે પોતાનો આત્મા અર્પણ કરે છે અને માનવ શરીરના નૈવેદ દ્વારા તે સર્વવ્યાપક સ્વરુપ પરમાત્માને પામી શકે છે. જો માનવ દેહની શ્રધ્ધા અને પાવિત્ર્યનો સમન્વય ન હોત તો આ બધી આંગિક મુદ્રાઓ અને સંકેતો અર્થહીન જટિલ અને શ્રમસાધિત ઠાલો અભિનયમાત્ર બની રહેત. યજુર્વેદના ક્રિયાકાંડોએ નટ અને નર્તકને સાંકેતિક છતાંય વહન, રીતિબધ્ધ અને કલાત્મક અને એટલાજ સુંદર એવા અજોડ ઉપાદાનની ભેટ ધરી છે. આ ક્રિયાકાંડના મંત્રોનું ગાન ખાસ પ્રકારના તાલ લય અને સ્વરમાં થતું અને શરીરની વિવિધ મુદ્રાઓ અને ભંગિમાઓ દ્વારા એ મંત્રોનો અર્થ પ્રગટ કરવામાં આવતો. અહીં નાટ્ય અને નૃત્યનો સુંદર સમન્વય સધાતો, નાટ્ય અને નૃત્યમાં રહેલા અભિનયતત્વોનો સુમેળ સધાતો જોવા મળે છે. આ કર્મકાંડી યજ્ઞોમાં જે કાળજી અને જતનથી હાથ અને પગ વિવિધ દિશાઓમાં મૂકવામાં આવતા અને આંગળીઓ ઉપયોગમાં લેવામાં આવતી એ એ એક કલાકારની તેમજ ગણિતજ્ઞના પરિપૂર્ણતા માટેના આગ્રહ અને સભાનતાના દ્યોતક છે. હવનના કુંડ આગળ ઘીનો અર્ઘ્ય ચઢાવનાર ક્રિયાકાંડી દેવને પ્રાર્થે છે કે ' હે દેવ વિષ્ણુ મારા પાદ વડે આપનું અપમાન ના હજો' આ પ્રાર્થના વખતે જરુર તેનો ડાબો પગ હવનકુંડની દક્ષિણ દિશામાં જતો હશે અને જમણો પગ આગળ મૂકાતો હશે. અહીં કાળજી અને જતન પૂર્વક મૂકાતો પગ અર્થપૂર્ણ અને સુંદર મુદ્રાનું રુપ ધારણ કરતો હશે. શરીરના અંગોની વિવિધ ચેષ્ટાઓ અને મુદ્રાઓ તથા હલન ચલનનો

ભાષા તરીકે અને ધાર્મિક વિધિઓના પ્રતીકરુપે ઉપયોગ કરવાની માનવની સભાનતા ઘણી ચુગાઓમાં જોવા મળે છે.

આમ યજુર્વેદી ક્રિયાકાંડો વખતે થતાં આંગિક સંકેતોમાં અભિનયના મૂળ રહેલા જોવા મળે છે.

શૈલૂષ

વાજસનેયી સંહિતા (શુકલ યજુર્વેદ)માં ગાતાય શૈલૂષં અને તૈત્તરીય બ્રાહ્મણ (કૃષ્ણ યજુર્વેદ)માં નૃત્તાય શૈલૂષં એવા પ્રયોગો જોવા મળે છે. વાજસનેયી સંહિતામાં શૈલૂષ શબ્દ ગાયનકળા સાથે સંકળાયેલ ગાયકોનો વાચક બની રહે છે જ્યારે તૈત્તરીય બ્રાહ્મણમાં તે નૃત્યકળા સાથે સંકળાયેલ નર્તકોનો વાચક બની રહે છે. કુ.ગોદાવરી કેતકર, ડો.ભરત.ઠાકર વિગેરે વિદ્વાનો શૈલૂષ શબ્દ નટના અર્થમાં પ્રયોજાયેલો માને છે. ડો.કીથ શૈલૂષ શબ્દનો અર્થ ગવૈયો કે નર્તક માને છે. શ્રી કે.કા.શાસ્ત્રી શાંખાયન ગૃહ્યસૂત્ર (૧-૧૧-૫) માં વ્યવસ્થિત રીતે નૃત્ય-વાદ્ય-ગીતનો સુભગ સુમેળ વિવાહવિધિમાં તેમજ મૃત્યુ પછીની ઉત્તરક્રિયામાં જોવા મળે છે તેના આધારે શૈલૂષ શબ્દ 'નર્તક'નો વાચક હોવાનું જણાવે છે. ડો.કપિલા વાત્સ્યાયન આચાર્ય શિલાલિ (નટસૂત્રકાર)નો સંબંધ શૈલૂષ સાથે જોડે છે.

અથર્વવેદમાં અનુભાવો

ભરતમુનિ રસો અથર્વવેદમાંથી લેવામાં આવ્યા હોવાનું વિધાન કરે છે. રસનું એક ઘટકતત્વ તે અનુભાવ અર્થાત્ સ્થાયી ભાવના પ્રાકટયથી થતા શારીરિક ફેરફારો. અભિનયના સંદર્ભમાં અનુભાવ એટલે સ્થાયી ભાવનું સૂચન કરવા નટ જે આંગિક વાચિક ચેષ્ટાઓ કરે તે. અભિનવગુપ્ત અથર્વવેદમાં અનુભાવો કયા સ્વરુપે મળી આવે છે તેની ચર્ચા કરતાં જણાવે છે કે અથર્વવેદમાં પ્રતિપાદિત શાન્તિ તથા મારણ વિગેરે કાર્યોમાં નટની સમાન અથર્વવેદના ૠત્વિકમાં પ્રશમ અને કમ્પ ઉત્પન્ન થતા. અર્થાત્ શાન્તિક કાર્યો સમયે ૠત્વિકમાં ઉદય પામનાર પ્રશમ તથા મારણ કાર્યો સમયે ઉદય પામનાર વેપથુ, કમ્પ, આદિ એક પ્રકારના અનુભાવોજ છે, એવું અભિનવગુપ્તનું મંતવ્ય છે.

તા ર વ ણી

ભરતમુનિ નાટ્યોત્પત્તિનો સંબંધ વેદો સાથે જોડે છે તેના આધારે ઘણાં આધુનિક વિદ્વાનો નાટકની ઉત્પત્તિ વૈદિક સાહિત્યમાંથી થઇ હોવાનું મંતવ્ય ધરાવે છે. ઋગ્વેદમાં સંવાદના તત્વો તેમજ નૃત્યના ઉલ્લેખો તથા યજુર્વેદના ક્રિયાકાંડોમાં આંગિક અભિનયના તત્વો તથા સામવેદમાં સંગીત તત્વો મળી આવતા હોવાથી વેદકાળમાંજ સંગીત અને નૃત્યની કળાઓનો વિકાસ સધાયો હોવાનું આ વિદ્વાનો જણાવે છે. નૃત્ય અને સંગીતથી યુક્ત એવા કર્મકાંડવિષયક યજ્ઞવાદી નાટ્યપ્રયોગો વૈદિકકાળમાં પ્રચલિત હોવાની માન્યતા નકારી શકાય નહિ.